# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

સપ્ટેમ્બર - ડિસેમ્બર ૨૦૧૯ વર્ષ ૧૨ અંક ૩ પૃષ્ઠ ૮ રૂા. ૨/-

## આપણે જે પહેલો પથ્થર મૂકીએ તે ધર્મશીલ હોવો જોઈએ

**વ**સંત વિહાર એક હજાર વર્ષ રહેવું જ જોઈએ, બિનપ્રદૂષિત, એક નદી જેવું, કે જેનામાં પોતાની જાતને નિર્મળ કરવાની ક્ષમતા છે, તેનો અર્થ એ કે ત્યાંના રહેવાસિયોને કોઈ જાતનો અધિકાર નહીં રહે. 'બોધ'માં જ સત્યનો અધિકાર રહેલો છે.

તે ભલાઈ ખીલવાનું સ્થળ છે; કામ, આદર્શ કે વૈયક્તિક અધિકારને આધારે ન હોય એવો સામાજિક વહેવાર અને સહકારની ભાવના. સહકાર એ કોઈ વિષય, સિદ્ધાંત અથવા માન્યતા વગૈરે બાબતો વિષેનો સહકાર સૂચિત કરતો નથી. જેમ કે એક જણ આ સ્થળે આવે છે, દરેક પોતાના કામમાં છે – બગીચામાં કામ કરે છે અથવા બીજું કંઈ કરે છે – તે કામ દરમ્યાન કદાચ કોઈક બાબત પર પ્રકાશ પડે – શોધી કાઢે, અને તે બીજાને જણાવે અને અન્ય લોકો સાથે સંવાદ કરે –પોતાની શોધમાં કેટલું સત્ય રહેલું છે તે જોવા માટે, પ્રશ્નો કરે, શંકા કરે. આમ સતત સંવાદ છે, એકાંતિક ઉપલબ્ધિ નથી, એકાંતિક સ્પષ્ટિકરણ અથવા સમજણ નથી. આવું નિર્માણ કરવું તે દરેકની જવાબદારી છે, એ અર્થમાં કે જો આપણાંમાંથી દરેક જણને, જો કંઈક મૂળભૂત, નવું મળે, તો તે વ્યક્તિગત નથી પણ ત્યાંના બધા લોકો માટે છે, સહિયારું છે.

આ કોઈ સમુદાય નથી. સમુદાય અને જૂથ જેવા શબ્દો આક્રમક કે સંપૂર્ણ માનવજાતથી અલગ કરનારી ચળવળનું સૂચન કરે છે. પણ તેનો અર્થ એવો નથી કે સંપૂર્ણ માનવજાત આ જગ્યાએ આવે. કૃષ્ણમૂર્તિએ જેવા ધર્મ વિષે કહ્યું છે તે મુજબનું આ એક ધર્મશીલ કેન્દ્ર છે. આ એક એવું સ્થાન છે જ્યાં માત્ર શારીરિક રીતે સતત અને લગાતાર સક્રિય રહેવાનું નથી, પરંતુ શીખવાની ગતિ પણ છે. એટલા માટે, દરેક જણ શિક્ષક પણ બને છે અને વિદ્યાર્થી પણ બને છે.

આ સ્થળ પોતાને રોશન કરવા માટે કે કલાત્મક, ધાર્મિક, અથવા બીજી કોઈ પણ રીતે પોતાના ધ્યેયની પરિપૂર્ણતા માટેનું સ્થાન નથી. પરંતુ એકબીજાને ટકાવી રાખવા અને એકબીજાની ભલાઈ ખીલી શકે તે પોષવા માટે છે.

અહીં રૂઢિચુસ્તતા અથવા પરંપરાગત રીતિરિવાજોથી સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ; ખરેખર તો, પૂરેપૂરી સ્વતંત્રતા હોવી જોઈએ, રાષ્ટ્રીયતા, જાતિ, પૂર્વગ્રહો, ધાર્મિક માન્યતાઓ અને આસ્થાના તમામ અર્થમાં સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. જો કોઈ પ્રમાણિકતાથી અને એકાત્મતાથી આ કરવા સમર્થ ન હોય, તો તેણે આ સ્થળથી દૂર રહેવું વધારે સારું છે. આવશ્યકપણે વ્યક્તિ પાસે એ જોવાની સ્પષ્ટ સૂઝ હોવી જોઈએ કે જ્ઞાન એ માણસનો શત્રુ છે.

આ સ્થળ સ્વપ્નરંજનશીલ, લાગણીપ્રધાન કે અતિ ભાવનાશીલ વ્યક્તિઓ માટે નથી. આના માટે એક સારા મનજની જરૂર છે, બૌદ્ધિક હોવું એ તેનો અર્થ નથી, પરંતુ એવું મગજ કે જે વસ્તુનિષ્ઠ છે, મૂળભૂત રીતે પોતાની જાત સાથે પ્રામાણિક છે અને જે વિચાર અને કૃતિ વચ્ચે અખંડિતતા ધરાવે છે.

સંવાદ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વાતચીતની આ એક એવી રીત છે કે જેમાં પ્રશ્ન અને ઉત્તર ત્યાં સુધી ચાલુ રહે છે, જ્યાં સુધી પ્રશ્નને કોઈ ઉત્તર વગર જ છોડી દેવામાં આવે. આમ પ્રશ્ન અને ઉત્તરમાં સામેલ બે વ્યક્તિઓ વચ્ચે પ્રશ્નને સ્થગિત કરી દેવામાં આવે. આ વણસ્પર્શી, વણખીલેલી કળી જેવું છે. જો પ્રશ્નને વિચાર દ્વારા સંપૂર્ણ રીતે વણસ્પર્શ્યો છોડી દેવાયો હોય, તો પ્રશ્નને પોતાનો જવાબ હોય છે કારણ કે, પ્રશ્નકર્તા અને ઉત્તર આપનાર, વ્યક્તિઓ તરીકે, લુપ્ત થઈ ગયા હોય છે. સંવાદનું આ એક એવું સ્વરૂપ છે જેમાં તીવ્રતા અને ઊંડાઈના ચોક્કસ સ્તર સુધી તપાસ પહોંચે છે, જેમાં એવી ગુણવત્તા પ્રાપ્ત કરેલી હોય છે કે જ્યાં વિચાર કદી પહોંચી શકે જ નહીં. મંતવ્યો, વિચારોની તર્કપદ્ધતિને લગતી આ તપાસ નથી, પરંતુ બે અથવા અનેક, ગંભીર અને સારાં મગજો દ્વારા થતું નિરીક્ષણ અને શોધન છે. પ્રશ્નની ઊંડાઈ તેનો પોતાનો સાચો જવાબ લાવે છે.

આ બધું બૌદ્ધિક મનોરંજન નથી, સિદ્ધાંતોનું અનુસંધાન નથી. શબ્દ જ કાર્ય છે. બંને ક્યારેય અલગ ન હોવાં જોઈએ. જ્યાં શબ્દ જ કાર્ય છે, ત્યાં એકાત્મતા છે, સાકલ્ય છે.

આ સ્થળે વૃક્ષો, પક્ષીઓ અને શાંતિની ભવ્ય સુંદરતા હોવી જોઈએ, કારણ કે સુંદરતા સત્ય છે, અને સત્ય એ પ્રેમ અને ભલાઈ છે. બાહ્ય સૌંદર્ય, બાહ્ય સુખશાંતિ, મૌન, એ આંતરિક શાંતિને અસર કરી શકે છે, પરંતુ વાતાવરણે આંતરિક સૌંદર્યને કોઈ પણ પ્રકારે પ્રભાવિત કરવું જોઇએ નહીં. સૌંદર્ય ફક્ત ત્યારે જ હોઈ શકે જ્યારે સ્વપણું ન રહે. વાતાવરણમાં ખુબ વિસ્મયતા હોવી જોઈએ, પરંતુ, બાળકની સામે જેમ રમકડું આવે એ રીતે, કોઈ પણ પ્રકારે એ ચિત્તાકર્ષક પરિબળ ન બનવું જોઈએ. અહીં કોઈ રમકડાં નથી, પરંતુ આંતરિક ઊંડાઈ, સારતત્ત્વ અને સાકલ્ય છે કે જે વિચાર દ્વારા બનેલું નથી.

જ્ઞાન પણ સુંદરતા નથી. સુંદરતા છે પ્રેમ, અને જ્યાં જ્ઞાન છે ત્યાં કોઈ સુંદરતા નથી.

(પાના નં. ૨ પર...

## સંપાદકીય

**આ**સપાસના વાતાવરણની આપણા મન અને શરીર પર અજાણતાં, પણ ખરેખર જ અસર થાય છે. ઉદાહરણ તરીકે – તમે ઑફિસની ચાર ભિંતો વચ્ચે, અનેક લોકોની વચ્ચે બેસીને કામ કરતાં હો છો, જો કદાચ ઑફિસર હો તો અલગ કેબીન, અલગ ઓરડો હોય, પણ બહાર ભીંત અને અંદર કામની ધાંધલ, માથું નીચું કરીને સતત કામ કર્યા વગર છૂટકો જ નહીં, પોતાના માટે ફુરસદ જ નહીં.

ક્યારેક શહેરથી બહાર, નદી કાંઠે, એકાદ ઝાડ નીચે, આથમતા સૂરજના સૌમ્ય કિરણોમાં ઠંડા પવનની લહેર ગાલને સ્પર્શ કરી જાય છે. આવા સમયે જો આપણે જાગૃત હોઈએ તો જગત બદલાઈ જાય છે, મન શાંત થઈ જાય છે, પારદર્શક થઈ જાય છે, આપણને આપણું સાચું સ્વરૂપ જોઈ શકવાની તક મળે છે, બળ મળે છે.

કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્રો આપણને આવી તક આપવાનો પ્રયત્ન કરે છે. આવા કેન્દ્રો હોવા જ જોઈએ એવું કૃષ્ણમૂર્તિ સભાનપણે કહેતા અને બીજા મઠો, આશ્રમો કરતાં આ કેન્દ્રોમાં શું વિશેષતા હોવી જોઈએ એ બાબતમાં પણ તેઓ બોલતા રહેતા.

કેન્દ્રોમાં બાહ્ય વ્યવસ્થા હોવી એ મહત્ત્વનું છે, પણ કૃષ્ણમૂર્તિના બોધને ધ્યાનમાં રાખીને, કયા કાર્યક્રમો, કેવી રીતે યોજવા જોઈએ, એ મુદ્દો વધારે મહત્ત્વનો છે.

કાર્યક્રમોમાં સંવાદ હોય છે, વાદ નથી હોતો. મહેમાનો, કાર્યકર્તાઓ, ટ્રસ્ટીઓ, આવા વિભાગ નથી હોતા. તેમાં સહકાર હોય છે, અધિકાર નથી હોતો, તેમાં પ્રેમ હોય છે અને તેથી જ તૂલના નથી હોતી, તેમાં ભાવનાત્મકતા નથી હોતી, સંવેદનશીલતા હોય છે. આપણે સાતત્યપૂર્વક જાગૃત રહી શકીએ તો જ એ થઈ શકે. આ બાબતે મનમાં જાગૃતિ હોવી જોઈએ. સતત જાગરૂક હોવું એ મુશ્કેલ બાબત છે, પણ અશક્ય નથી. આ વાતનું મહત્ત્વ જો સમજાય તો તે તરફ આસ્થાપૂર્વક તમે પ્રયત્ન કરતા રહેશો અને એક અલગ જ વાતાવરણ ઊભું થશે, ઉર્જા નિર્માણ થશે. કેન્દ્રના પ્રવેશદ્વારમાંથી અંદર આવી રહેલાઓને તેની જાણ થશે, આ જગ્યામાં કાંઈ પ્રગલ્ભ, ઉદાત્ત, પ્રેમમય છે એવું અનુભવાશે. એ જ પ્રજ્ઞાની જાગૃતિ હશે. આવા અધ્યયન કેન્દ્ર માટેના કૃષ્ણમૂર્તિના વિવરણો અંતરમેળના આ અંક દ્વારા ગુજરાતી વાચકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન છે.

...પાના નં. ૧ થી આગળ)

પ્રશ્નની ઊંડાઈ તેનો પોતાનો સાચો જવાબ લાવે છે. આ બધું બૌદ્ધિક મનોરંજન નથી, સિદ્ધાંતોનું અનુસંધાન નથી. શબ્દ જ કાર્ય છે. બંને ક્યારેય અલગ ન હોવાં જોઈએ. જ્યાં શબ્દ જ કાર્ય છે, ત્યાં જ સાકલ્ય છે.

પ્રજ્ઞા ફક્ત ત્યાં જ હોઈ શકે જ્યાં પ્રેમ અને કરુણા છે. જ્યાં મન અનુબંધિત હોય અથવા તો બંધાયેલું હોય ત્યાં કરુણા કદી પણ હોઈ શકે નહીં.

સામાન્ય યોગ્યતાવાળા લોકોના સમૂહથી ધર્મશીલ કેન્દ્ર બનતું નથી. ધર્મશીલ કેન્દ્ર એ વ્યક્તિ જે કંઈ પણ કરે તેમાં સર્વોત્તમ ગુણવત્તાની અને મનજની ઉચ્ચતમ ક્ષમતાની માંગ કરે છે. સામાન્ય યોગ્યતાનો સંપૂર્ણ અર્થ છે, જ્ઞાનના ઘેનમાં પડેલું, નબળું, બોજાયુક્ત મગજ.

ભલાઈનું ખીલવું એ ભવિષ્યના ધ્યેય તરીકે તપાસ કરવા કે ખોજ કરવા માટેનો આદર્શ નથી. આપણે એક સુખાવતી, કાલ્પનિક સમાજવ્યવસ્થાની સ્થાપના કરી રહ્યા નથી, પરંતુ, નક્કર હકીકતો સાથે વ્યવહાર કરી રહ્યા છીએ. તમે આ બધાનો ઉપયોગ, ભવિષ્યમાં, કંઈક પ્રાપ્તિ મેળવવા માટે કરી શકો, પણ ભવિષ્ય એ વર્તમાન છે. વર્તમાન એ ભૂતકાળ અને ભવિષ્ય છે, વિચાર અને સમયનું આ સમગ્ર માળખું છે. પણ જો કોઈ મૃત્યુની સંગાથે રહે, ક્યારેક નહીં પણ દરરોજ, તો ત્યાં કોઈ પરિવર્તન નથી. પરિવર્તન એ સંઘર્ષ અને વ્યગ્રતાની પીડા છે. ત્યાં કોઈ સંગ્રહ નથી, જ્ઞાનનો સંચય નથી, અને તેથી, કોઈ પરિવર્તન પણ નથી, કારણ કે વ્યક્તિ સતત મૃત્યુની સંગાથે જીવે છે.

આપણે જે પહેલો પથ્થર મૂકીએ તે ધર્મશીલ હોવો જોઈએ.

કૃષ્ણમૂર્તિના કથનનું લેખિત રુપાંતર, મદ્રાસ,
૨૬-૨૭ જાન્યુઆરી ૧૯૮૪

### કે.એફ.આઈ. સંમેલન ૨૦૧૯

**વા**ર્ષિક કે.એફ.આઈ. સંમેલન આ વર્ષે ઋષિ વેલી શિક્ષણ કેન્દ્ર ખાતે ૧૫ નવેમ્બરની સવારથી ૧૮ નવેમ્બર, ૨૦૧૯ ના મધ્યાહ્ન સુધી યોજવામાં આવશે. સહભાગીઓ ૧૪ નવેમ્બરની સવારથી આવી શકે છે. સંમેલનનો વિષય છે 'હિંસા, ઓળખ, અને સર્વાંગી પરિવર્તન'.

રહેવાની સગવડ સામૂહિક પ્રકારની જ છે, અને મર્યાદિત છે, તેથી તે માટેની નોંધણી વહેલો-તે-પહેલોના ધોરણે કરવામાં આવશે. આ માટે પ્રતિ વ્યક્તિ પ્રદાન – રહેવાનું, ભોજન અને અભ્યાસ સામગ્રી – રૂ. ૩૫૦૦ છે. આ પરત આપવામાં આવશે નહીં. કૃપયા અમારા ખાતામાં રોકડા પૈસા જમા ન કરતા.

નાણાંની ચુકવણી માત્ર ઑનલાઇન RTGS/NEFT દ્વારા નીચે જણાવેલી વિગતો મુજબ કરવાની રહેશે:
K.F.I.R.V.E.C. Institute of Educational Resources
State Bank of India, Society Colony Branch
Madanapalle, Savings Bank A/c no.: 54035227556
IFSC Code: SBIN0040002 : Swift Code: SBININBB324

આની જાણ – સહભાગીઓનાં નામો, સરનામાં, અને નાણાં ચુકવણીની વિગતો સહિત – તુરંત અહીં કરવી: gathering@rishivalley.org

નોંધણીપત્રકો www.rishivalley.org ઉપરથી ડાઉનલોડ કરીને gathering@rishivalley.org ઉપર નાણાં ચુકવણીની વિગતો સહિત મોકલી શકાય છે. નોંધણીપત્રકો ટપાલથી મોકલવા માટેનું સરનામું આ રહ્યું:
K.F.I Gathering Committee
Rishi Valley Education Centre, Rishi Valley - 517352
Chittoor District, Andhra Pradesh
Tel: 08571 280662 08571 280582 / 9493547822

નાણાં ચુકવણીની અને નોંધણીપત્રકો અમને મળે તે માટેની છેલ્લી તારીખ ૧૦ ઓક્ટોબર છે.

# એકાંતવાસમા

**પ્રશ્નકર્તાઃ** તમે છેલ્લા સોળ મહિનાથી એકાંતવાસમાં છો, તમારા જીવનમાં પહેલી વાર. અમે જાણી શકીએ કે શું આનું કંઇ મહત્વ છે?

**કૃષ્ણમૂર્તિઃ** શું તમે ક્યારેક શાંત થવા અને વસ્તુઓને પારખવા માટે ક્યાંક દૂર જતા રહેવા માગતા નથી? અને શું તમે માત્ર પુનરાવર્તન કરનારા યંત્રની જેમ, વાતો કરનાર, સમજાવનાર અને પ્રવક્તા બનીને ન રહી જવા ઇચ્છતા નથી?શું તમને તેવું કરવાની ક્યારેક ઇચ્છા થતી નથી? શું તમે શાંત થવા ઇચ્છતા નથી? શું તમને તમારા પોતાના વિષે અધિક જાણવાની ઇચ્છા થતી નથી?તમારામાંથી કેટલાકને તેવું કરવાની ઇચ્છા હશે,પણ આર્થિક રીતે નહીં કરી શકતા હોય. તમારામાંથી કેટલાક કરવા માગતા હશો પણ કૌટુંબિક જવાબદારીઓ તમારા માર્ગમાં અવરોધ પેદા કરતી હશે. આ બધું હોવા છતાં, તમારે શાંત રહેવા માટે અને તમે જે કંઈ કર્યું હોય તેનો માનસિક હિસાબ લેવા માટે શાંત સ્થળે ચાલ્યા જવું તે સારું છે. તમે જ્યારે તે કરો છો, ત્યારે તમે એવા અનુભવો પ્રાપ્ત કરો છો કે જે સર્વસ્વીકૃત નથી, અનુવાદિત થઈ શકે એવા નથી. એટલા માટે મારો એકાંતવાસ તમારા માટે મહત્વનો નથી. પણ જો તમે તમારી શિબિરને – તમારા એકાંતવાસને સારી રીતે અનુસરો, તો તે તમારા માટે મહત્વનો હશે.

મને લાગે છે કે કેટલીક વાર, તમે જે કરી રહ્યા છો તેને રોકવા માટે, તમારી માન્યતાઓ અને અનુભવોને સંપૂર્ણપણે રોકવા અને તેમની તરફ નવી દષ્ટિથી જોવા માટે, તમે માનતા હો કે ન માનતા હો તો પણ યંત્રની જેમ તેનું પુનરાવર્તન ન કર્યા કરવા માટે, એકાંતવાસમાં રહેવું આવશ્યક છે. તો, તમે તમારા મનમાં તાજી હવા આવવા દેશો. તેનો અર્થ કે તમે અસુરક્ષિત હોવા જ જેઈએ, ખરું કે નહીં? જો તમે આ કરી શકો, તો તમે કુદરતનાં રહસ્યો પ્રત્યે અને તમારી આસપાસની વસ્તુઓ પ્રત્યે ખુલ્લા થશો, જેને તમે અન્યથા પહોંચી નહીં શકો; તમે એવા ઈશ્વર સુધી પહોંચશો જે આવવાની રાહ જોઈ રહ્યા છે, એવા સત્ય સુધી પહોંચશો જે આમંત્રિત કરી શકાતું નથી પણ પોતાની મેળે જ આવે છે.

આપણે પ્રેમ પ્રત્યે અને આપણી અંદર ઘટતી બીજી સુક્ષ્મ પ્રક્રિયાઓ પ્રત્યે ખુલ્લા નથી, કારણ કે આપણે બધા આપણી પોતાની મહત્ત્વાકાંક્ષાઓ, સિદ્ધિઓ અને ઇચ્છાઓ દ્વારા બંધાયેલા છીએ. તે બધામાંથી પાછું ફરવું ખરેખર સારું છે,ખરું કે નહીં? કોઈ સમાજના સભ્ય બનવાનું બંધ કરો. બ્રાહ્મણ, હિંદુ, ખ્રિસ્તી, મુસલમાન હોવાનું બંધ કરો. તમારી ઉપાસના અને કર્મકાંડ બંધ કરો. આ બધામાંથી સંપૂર્ણપણે પાછા ફરી જાવ અને જુઓ કે શું બને છે. એકાંતવાસમાં કોઈ બીજી વસ્તુમાં ઊંડા ઊતરશો નહીં, કોઈ પુસ્તક લઈને નવા જ્ઞાનમાં કે નવીન પ્રાપ્તિમાં તલ્લીન થઈ ન જતા, . ભૂતકાળને સંપૂર્ણપણે તોડી નાંખો જુઓ કે શું થાય છે.

આ કરો અને તમને આનંદનો અનુભવ થશે. તમે પ્રેમ, સમજણ અને સ્વતંત્રતાનો વિશાળ વિસ્તાર જોશો. જ્યારે તમારું હૃદય ખુલ્લું થશે ત્યારે વાસ્તવિકતા આવી શકશે. પછી તમારા પૂર્વગ્રહોનો ગણગણાટ, તમારા મનની અંદરના અવાજો નહીં સંભળાય. એટલા માટે એકાંતવાસમાં રહેવું, દૂર જતા રહેવું અને નિયમિત ક્રમ બંધ કરવો તે સારું છે–ફક્ત બાહ્ય જીવનનો નિયમિત ક્રમ નહીં, પણ તે નિયમિત ક્રમ પણ કે જે મને પોતાની સલામતી અને અનુકૂલન માટે સ્થાપ્યો છે.

પ્રયત્ન કરી જુઓ, મહોદય, જેની પાસે તક છે તેઓ. ત્યાર પછી જ કદાચ તમે જાણી શકશો તેને કે જે ઓળખથી પરે છે, તે સત્ય કે જેને માપી શકાતું નથી. પછી તમે જાણશો કે ઈશ્વર કોઈ અનુભવવાની કે ઓળખવાની વસ્તુ નથી, પરંતુ એવું કંઈક છે જે તમારા આમંત્રણ વિના તમારી પાસે આવે છે. પણ તેવું ત્યારે જ બને જ્યારે તમારું મન અને હૃદય તદ્દન સ્થિર હોય, કંઈ પણ શોધતું કે તપાસતું ન હોય, અને જ્યારે કંઈ પ્રાપ્ત કરવા માટેની મહત્ત્વાકાંક્ષા તમારે ન હોય. ઈશ્વરને ત્યારે જ મળી શકાય જ્યારે મન કોઈ પ્રગતિની શોધમાં ન હોય. જો આપણે તે બધાંથી દૂર જતા રહીએ, તો કદાચ ઇચ્છાઓના ધીમો અવાજો સંભળાતો બંધ થશે, અને તે વસ્તુ જે રાહ જોઈ રહી છે તે સીધી જ તથા ચોક્કસ આવશે.

મદ્રાસ જાહેર પ્રવચન, ૫ જાન્યુઆરી ૧૯૫૨

*The Collected Works of J. Krishnamurti, Vol. VI, pp. 252-253*

## એક આશ્રમ અને એક શાળા એકસાથે

**પ્રશ્નકર્તા (પ્ર)ઃ** મને લાગે છે કે આપણે બધાં એવા તબક્કાએ આવી પહોંચ્યા છીએ જ્યાં શાળાઓ અને પુખ્તો માટેનાં શિક્ષણ કેન્દ્રો, અથવા તમે તેને જે કહો તે, બધે જ ઘણાં સક્રિય બની જશે, અને જો આ બધાનું પરિણામ એવું કંઈક આવે જે બહુ જ મહત્ત્વનું હોય અને તમારા બોધને પ્રતિબિંબિત કરતું હોય, તો આ બોધના પોતાના જ સામર્થ્ય ઉપર ચલાવી શકાય તેવી શક્યતા વધારે હોવી જોઈએ.

**કૃષ્ણમૂર્તિ (કૃ)ઃ** પુખ્તો માટેનું કેન્દ્ર. આપણે તેને શું કહીશું? પુખ્તો માટેનું શિક્ષણ? ના. શીખવા માટેનું કેન્દ્ર? ભારતમાં સંસ્કૃત શબ્દ 'આશ્રમ'નો અર્થ છે એક એવું સ્થાન જ્યાં તમે સાધના માટે થોડો વખત એકાંતમાં રહી શકો; જેમ કે કેથલિક સ્થાનો, કે જ્યાં કોઈ પણ, બિન-કેથલિક પણ, જઈ શકે અને જ્યાં સુધી પોતાને મન થાય ત્યાં સુધી શાંત રહી શકે. ગુરુઓએ તે 'આશ્રમ' શબ્દને ખરાબ કરી નાખ્યો છે,તેથી 'શીખવાનું સ્થાન'.

તમે 'આશ્રમ' શબ્દના મૂળને જાણો છો? જ્યારે આવી રીતે પુખ્તો માટેનું સ્થાન અને શાળા એકસાથે કાર્યરત હોય, ત્યારે પુખ્ત લોકોમાંથી તમને એવા શિક્ષકો મળશે જેઓ કાયમ ખાતે શાળામાં આવશે અને ભણાવશે, જેથી સર્વ સમયે એવા લોકોનું જૂથ હાજર હશે જે શાળાને યોગ્ય પ્રકારના શિક્ષકો પૂરા પાડશે. મૂળ કલ્પના તો આવી હતી, પરંતુ કમનસીબે તેમ થઈ શક્યું નથી. હવે ભારતમાં આવું કરવાના છીએ. માટે મેં વિચાર્યું કે આપણે અહીં પણ આમ જ કરવું જોઈએ, કારણ કે નહીં તો કૃષ્ણમુર્તિ જે કહે છે તે સમજતાં હોય અને બોધને પ્રતિબદ્ધ હોય તેવા યોગ્ય શિક્ષકો મળવા ખૂબ મુશ્કેલ છે. બોધ અંગેના તેઓના પોતાના વિચારોને પ્રતિબદ્ધ નહીં, પરંતુ બોધ પ્રત્યે, તેવી રીતે જીવવા પ્રત્યે, તેમ જ બોધને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે પ્રતિબદ્ધ. તે હતી આશ્રમની કલ્પના. (હું 'આશ્રમ' એ શબ્દ હાલ પૂરતું ખૂબ સાવચેતીથી વાપરું છું.) માટે આપણે એમ વિચાર્યું કે એક આશ્રમ અને એક શાળા બંને એકસાથે કાર્યરત હોય.

*The Perfume of the Teachings, pp 5-6*

સંવાદ, ઓહાઇ, ૩ માર્ચ ૧૯૭૭

## વૃત્ત વિશેષ

# જે. કૃષ્ણમૂર્તિની ૧૨૫મી જન્મજયંતિ

**૧૧** મે ૨૦૧૯ થી જે. કૃષ્ણમૂર્તિની (૧૮૯૫ – ૧૯૮૬) ૧૨૫મી જન્મજયંતિની શરૂઆત થયી છે.

તમારામાંના કેટલાક લોકોને સ્મરણ હશે કે પચ્ચીસ વર્ષો પૂર્વે ૧૯૯૪-૧૯૯૫નું વર્ષ જે. કૃષ્ણમૂર્તિના જન્મશતાબ્દી વર્ષ તરીકે મનાવવામાં આવ્યું હતું. ત્યાર પછી એક નવી પેઢી અસ્તિત્વમાં આવી છે જે કદાચ આ શિક્ષક વિષે અથવા તેમના બોધ વિષે કંઈ જ જાણતી નથી. તેથી એમ લાગે છે કે આ અવસરનો ઉપયોગ એક એવા નવા અને બહોળા પ્રેક્ષકગણને કૃષ્ણમૂર્તિના જીવનદર્શનનો પરિચય આપવા માટે તથા જીવનદર્શન તેઓને ઉપલબ્ધ કરાવવા માટે થવો જોઈએ, જેઓને આ સમયાતીત બોધ બિલકુલ સાંપ્રત અને તેઓનાં પોતાનાં જીવનમાં સુસંગત લાગશે.

આને અનુલક્ષીને કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ચેન્નાઈ, પોતાની છ શાળાઓ અને શાળાઓના પ્રાંગણમાં તેમ જ બહાર આવેલાં વયસ્કો માટેના અભ્યાસ કેન્દ્રોના સહયોગથી બોધ પ્રત્યે જાગૃતિ સર્જવા માટે ઘણી યોજનાઓ ઘડી રહ્યું છે. આમાં ભારતનાં વિવિધ સ્થળોએ કાર્યક્રમોનો સમાવેશ થાય છે – જાહેર ભાષણો, પરિસંવાદો, કૃષ્ણમૂર્તિનાં પ્રવચનો અને સંવાદોનાં વિડિઓ સ્ક્રીનીંગ્ઝ, તસવીર પ્રદર્શનો, કૃષ્ણમૂર્તિના શાળાશિક્ષણ અંગેના દર્શનનો પ્રસાર કરવા માટેના કાર્યક્રમો, તથા અંગ્રેજીમાં તેમ જ ભારતીય ભાષાઓમાં અનુવાદિત થયેલાં પુસ્તકો પ્રકાશિત કરવાં.

વધુ વિગતો અમારી વેબસાઇટ, સમાચારપત્રો અને સોશિઅલ મિડિયા દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવશે.

---

# શોધ અંગેનુ આદાનપ્રદાન

**વ**સંત વિહારે એવા લોકોને આકર્ષવા જોઈએ જેઓમાં સારું મગજ અને કુશાગ્ર બુદ્ધિ હોય. તેઓએ આ બોધનો સંપૂર્ણપણે અભ્યાસ કરવો જોઈએ, જેમ વૈદકનો અથવા બૌદ્ધ ધર્મનો કે અન્ય કોઈ વિષયનો અભ્યાસ કરવાનો હોય તેવી જ રીતે આમાં ઊંડે સુધી તરબોળ થઈ જવું જોઈએ.

અભ્યાસનો અર્થ છે વપરાયેલા શબ્દોના મર્મમાં અને તેમની સામગ્રીમાં ઊંડા ઊતરવું તથા તેમનામાં રહેલા સત્યને રોજિંદા જીવનના સંદર્ભમાં જોવું. તે લોકો સર્વશ્રેષ્ઠ મગજ ધરાવતા, વિદ્યાની કોઈ પણ શાખાના નિષ્ણાતો સાથે ચર્ચા કરવા વિદ્વાનોની જેમ જ સક્ષમ હોવા જોઈએ.

જયારે તે લોકો અભ્યાસ કરી રહ્યા હોય ત્યારે તેઓમાં સહકારની ભાવના હોવી જોઈએ. સહકારની ભાવનાનો અર્થ એવો નથી કે કોઈ નિયોજિત કાર્ય માટે ભેગા મળીને કામ કરવું. પરંતુ જયારે હું કોઈ કામ કરતો હોઉં, જેમ કે ખાડો ખોદતો હોઉં, ત્યારે હું કશાક વિષે વિચાર કરી રહ્યો હોઉં. અને કેમ કે હું તમારો મિત્ર છું – અને તમે પણ કોઈ કામ કરી રહ્યા છો – તેથી હું ત્વરાથી તમારી પાસે આવું અને મેં જે શોધ્યું છે તેની ચર્ચા કરું. તમે કદાચ તે વિષે સંશય દર્શાવો અથવા પ્રશ્ન કરો, પણ હું તમારી સાથે તે શોધ અંગેનું આદાનપ્રદાન કરી રહ્યો છું. તે મારી શોધ નથી; તે મારી કે બીજા કોઈની માલિકીની નથી.

ઊંડી સમજણ ક્યારેક વ્યક્તિગત નથી હોતી. આવું આદાનપ્રદાન એ સહકાર છે. પરંતુ તે કબૂલાતનામું નહીં હોવું જોઈએ.અમેરિકામાં એવા સમુદાયો છે જે એકબીજા સમક્ષ કબૂલાત (પાપનો એકરાર) કરે છે – તમારાં પોતાનાં મેલાં કપડાં જાહેરમાં ધોતા હો તેમ.

અને જો હું જૂઠું પણ બોલતો હોઉં, તો તે તમારી અને મારા બધા મિત્રોની જવાબદારી છે. આપણે સૌ આ બોધમાં, તેના ઊંડા અભ્યાસમાં, તેને આપણા રોજિંદા જીવનમાં જીવવામાં રસ ધરાવીએ છીએ; અને તેથી આપણે જેવા પણ છીએ તેવા એકબીજા પ્રત્યે જવાબદાર છીએ.

પોતપોતાના રોજિંદા જીવનમાં સત્યની શોધ કરવામાં રસ ધરાવતા મિત્રોનો સંગાથ, અને તેમનામાં રહેલું એકબીજા પ્રત્યે જવાબદારીનું ભાન, તે જ છે સહકારની ભાવના. અને જયારે વસંત વિહારમાં રહેતા દરેક જણમાં આવી સહકારની ભાવના હશે, ત્યારે એવું વાતાવરણ સર્જાશે કે જેમાં એક નવાંગતુક પણ ખીલી ઊઠશે.

કૃષ્ણમૂર્તિના કથનનું લેખિત રુપાંતર,
૧૯ નવેમ્બર ૧૯૮૩.

---

# આંતરદષ્ટિ ક્યારેક વ્યક્તિગત નથી હોતી


**આ** શીખવાની અને આંતરિક શિસ્ત તથા કાર્ય સહીત સાદાઈથી જીવવાની જગ્યા છે, કોઈ ગુરુ કે નાયક વિના અને ધ્યાનની કે કાર્યની કોઈ પદ્ધતિ વિના.


એવા અનેક લોકો છે, જેમને રોજગારના વિક્ષેપને લીધે, કુટુંબ અથવા તેમનાં જીવનનાં અન્ય પરિબળોને લીધે બોધમાં પૂરેપૂરા લીન થવું મુશ્કેલ જણાય છે. તેથી, દરેક જણ આ જગ્યાએ પોતાની મેળે આવે છે, જો તેની ઇચ્છા હોય તો ધ્યાન કરવા માટે, બોધનો અભ્યાસ કરવા માટે, અને જો તેની ઇચ્છા હોય તો શારીરિક કામ કરવા માટે.

આ રીતે આ જગ્યા મુખ્યત્વે એવા લોકો માટે છે જેઓ અહીં સૌની સાથે સહકારની ભાવનાથી આવવા માગે છે. સૌની સાથે સહકારનો અર્થ એવો નથી કે કોઈ ઉદ્દેશ, આદર્શ કે અધિકાર ખાતર સાથે મળીને કાર્ય કરવું. પરંતુ એવો છે કે જયારે કોઈ શારીરિક કામ કરતું હોય, અને તેનામાં કોઈ ઊંડી સમજનો ઝબકારો થાય, જે વિષે તે પછી બીજા સાથે વાત કરે; બીજા લોકો કદાચ એને પ્રશ્ન પૂછે, કદાચ એના કહેવા ઉપર સંદેહ કરે, પરંતુ તેમની વચ્ચેની ઊંડી સમજ તેમની બન્નેની સહિયારી છે, કોઈ એકની કે બીજાની નથી.

ઊંડી સમજણ-આતંરદષ્ટિ ક્યારેય વ્યક્તિગત નથી હોતી. આવું આદાનપ્રદાન એ સહકાર છે.

કૃષ્ણમૂર્તિના કથનનું લેખિત રુપાંતર,
ઋષિ વેલી, ૨૪ ડિસેંબર ૧૯૮૩





## વેબસાઇટ અંગ્રેજીની સાથે મરાઠી તથા ગુજરાતીમાં પણ ઉપલબ્ધ


કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયાના મુંબઇ કેન્દ્રે એક બહુભાષીય વેબસાઇટની www.kfimumbai.org શરૂઆત કરી છે. જેમાં આપને અંગ્રેજી, મરાઠી અને ગુજરાતી માં બધી માહિતી મળી શકશે. વાચકોને માટે અંગ્રેજી, મરાઠી અને ગુજરાતી પુસ્તકો પણ ઓનલાઇન ઉપલબ્ધ રહેશે. ભારતીય ઉપખંડના રાષ્ટ્રો માટે આ સુવિધા ઉપલબ્ધ છે.

વાચકો આ વેબસાઇટ થકી જે. કૃષ્ણમૂર્તિએ સ્થાપિત કરેલી આ સંસ્થા, તેના દ્વારા શિક્ષણના ક્ષેત્રમાં થઇ રહેલા કાર્યો, તેની પહોંચ, પ્રકાશનો અને અભ્યાસ કેન્દ્રોની સંક્ષિપ્ત માહિતી મેળવી શકે છે. કોઇ પણ વ્યક્તિ કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનની આગામી પ્રવૃત્તિઓ તથા ભૂતકાળમાં યોજાઇ ગયેલી પ્રવૃત્તિઓ વિશે જાણી શકે છે.

વેબસાઇટ આપને પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે ખાસ બનાવવામાં આવેલા બ્રેલ પુસ્તકો, ઓડિયો ફાઇલ તથા મોટા ટાઇપમાં છપાયેલ પુસ્તકોની માહિતી પણ આપે છે. મરાઠી અને ગુજરાતીમાં પ્રગટ થતા વૃત્તપત્રો ‘અંતરલહરી’ તથા ‘અંતરમેળ’ પણ ઓનલાઇન વાંચી શકશો.

કૃષ્ણમૂર્તિના લખાણો તથા વાર્તાલાપો આ વેબસાઇટ પર ઉપલબ્ધ છે. કૃષ્ણમૂર્તિના જીવનકવનને પોતાની ભાષામાં સમજવાની આ તકનો વાચકો લાભ લેશે એવી અમે આશા રાખીએ છીએ. www.kfimumbai.org ની અવશ્ય મુલાકત લો.




## મુંબઈ કેંદ્રના કાર્યક્રમ

### ૮મી જાન્યુઆરી ૨૦૧૯

શ્રી અભિજીત પડતે સાથે સાઠે કોલેજના વિદ્યાર્થીઓનો એક સંવાદ તારીખ ૮મી જાન્યુઆરી ૨૦૧૯ના ગોઠવાયો હતો. વિષય હતો ‘આપણાં દૈનિક જીવનમાં તત્ત્વજ્ઞાનની પ્રસ્તુતતા’. વિદ્યાર્થીઓને પોતાના વ્યવસાયની પસંદગી વિશે વધારે તપાસ કરવામાં રસ હતો. પોતાની જાતને પ્રશ્નો પૂછવા, પોતાને શું કરવું ગમે છે તે શોધવા, જીવનમાં નિર્ણયો કરીને સલામતીની સુનિશ્ચિતતાને બદલે પ્રયોગાત્મક રહેવા વગેરે વિશે અભિજીતે વિદ્યાર્થીઓને કહ્યું. તેમણે એ તરફ ધ્યાન દોર્યું કે આપણે દૈનિક જીવનમાં જે કરીએ છીએ તેનાથી લોકોને આપણી ફિલસૂફીની જાણ થાય છે. તેમણે ‘અનુભવ-સ્મૃતિ-વિચાર-કાર્ય’ના ઘટમાળ વિશે સમજાવ્યું અને વિદ્યાર્થીઓને પરીક્ષા કરવાની, સવાલો કરવાના અને પોતાની જાત વિશે અને એ રીતે સામાન્ય જીવન વિશે સમજવા માટે સમય આપવાનો આગ્રહ કર્યો. વિદ્યાર્થીઓ સાથેનો આ એક ખુબ જ જીવંત સંવાદ હતો.

### ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૧૯

૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૧૯ના ઇન્ટિગ્રલ સ્પેસ ખાતે એક સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. વિષય હતો ‘શું જીવનમાં, સંબંધોમાં સલામતી છે?’ કૃષ્ણમૂર્તિ લિન્ક ઇન્ટરનેશનલના શ્રી રમણ પટેલ આ સત્રના સહયોજક હતા. ઘણાં વિદ્યાર્થીઓ અને યુવાનો સહભાગી થયા હતાં. યુવાન સહભાગીઓએ ઘણા પ્રશ્નો ઊભા કર્યા હતા અને રમણના પ્રતિ-પ્રશ્નો દ્વારા અન્વેષણની તીવ્રતા વધારવામાં મદદ થઈ હતી.

**૧૪મી જુલાઈ ૨૦૧૯**

ઇન્ટિગ્રલ સ્પેસ ખાતે ૧૪મી જુલાઈ ૨૦૧૯ના શ્રી અભિજીત પડતેએ એક ચર્ચાસત્રનું સંચાલન કર્યું હતું. શરૂઆતમાં તેમણે કૃષ્ણમૂર્તિના એક ભાષણમાંના ઉતારાનું વાંચન કરતાં જગતની આજની પરિસ્થિતિનું અવલોકન કર્યું. માનવની સામે આવેલી અનેક સમસ્યાઓને નિવારવા તે તે ક્ષેત્રના નિષ્ણાતોએ તે તે ક્ષેત્ર પૂરતો તોડ કાઢે છે, આર્થિક, સામાજિક, તાંત્રિક, રાજકીય દષ્ટિએ વિચાર કરાય છે, પણ તેનાથી સમસ્યા સંપૂર્ણપણે ઉકેલી શકાતી નથી. કૃષ્ણમુર્તિએ દર્શાવ્યા પ્રમાણે કોઈ પણ પૂર્વગ્રહ વગર સમસ્યાનું સુક્ષ્મ નિરીક્ષણ કરવાથી જ સમસ્યાનું સંપૂર્ણ આકલન થાય છે, આ બાબત પ્રત્યે શ્રી અભિજીતે સહભાગીઓનું ધ્યાન દોર્યું. એકંદરે આ ચર્ચા દ્વારા સહભાગીઓની દિશા સ્પષ્ટ થવામાં મદદ થઈ.

**૧૬મી ઑગસ્ટ ૨૦૧૯**

વિલ્સન કોલેજના તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓ સાથે પુસ્તક વાંચન અને ચર્ચાની જે નવી પહેલ ચાલુ કરી છે તે શ્રૃંખલામાં ત્રીજા સત્રના સંયોજક હતા શ્રી વિનય દાભોળકર. 'સ્વતંત્રતા શું છે' એ પ્રશ્નને ધ્યાનમાં રાખીને તેમણે 'થીંક ઑન ધીજ થીન્જ' પુસ્તકમાંથી સવાલ જવાબના કેટલાક પરિચ્છેદો લીધા. વિદ્યાર્થીઓએ ઊભા કરેલા કેટલાક પ્રશ્નો છેઃ જો સ્વતંત્રતા અનૈતિક નિર્ણયોમાં પરિણમે તો શું? પોતાના જ મનની જેલમાં બંધાયેલ હોવામાં શું ખરાબી છે? ઘણાં લોકો સ્વતંત્ર છે પણ બહુ થોડાં મૂક્ત છે એવું જે કૃષ્ણમૂર્તિ કહે છે, તે દ્વારા શું સૂચવવા માંગે છે? એવું લાગે છે કે વિદ્યાર્થીઓ ખરેખર જીવનને લગતા મુદ્દાઓ વિશે ગંભીરતાપૂર્વક વિચારી રહ્યા છે.

**પુસ્તક મેળા**

મુંબઈ કેંદ્રે સહ્યાદ્રી શિક્ષણ કેન્દ્રની મદદથી સૂરતમાં ૨૪-૨૮ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન ભરાયેલ પુસ્તક મેળામાં ભાગ લીધો હતો. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ઘણાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આપણાં વિભાગની મૂલાકાત લીધી. શિક્ષણને લગતાં પ્રશ્નો અને કૃષ્ણમૂર્તિ શાળાઓમાં શિક્ષણ પ્રત્યેના અભિગમ વિશે તેમની સાથે ખુબ સરસ વાતો થઈ.

## જ્યાં સાકલ્ય ખીલે છે

**ચૌદ** વર્ષ થી બ્રૉકવુડ પાર્ક એક શાળા તરીકે રહી છે. તેનો પ્રારંભ નાણાંનો અભાવ અને એવી ઘણી મુશ્કેલીઓ સાથે થયો. અને બ્રૉકવુડને વર્તમાન સ્થિતિએ પહોંચાડવા માટે આપણે સહુ મદદરૂપ બન્યા. પ્રત્યેક વર્ષે સંમેલનો થઈ રહ્યા છે, પરિસંવાદો થઈ રહ્યા છે અને અનેક દશ્ય-શ્રાવ્ય રેકૉર્ડીંગની પ્રવૃત્તી પણ થઈ રહી છે. હવે આપણે એક એવા મોડ પર પહોંચી ગયા છીએ, જ્યાં આપણે કરેલી પ્રવૃત્તિઓનો ફક્ત હિસાબચ લેવાનો નથી. પરંતુ બ્રૉકવુડને શાળાથી કંઇક વિશેષ બનાવવાની છે. યુરોપનું આ એક માત્ર એવું કેન્દ્ર છે જે આ બોધનું પ્રતિનિધિત્વ કરે છે - બોધ જે મૂલતઃ ધર્મશીલ છે.

બ્રૉકવુડ એક શિક્ષણસંસ્થાથી ખૂબ જ વિશેષ હોવી જોઇએ. આ બોધમાં જેમને રસ છે એવા વ્યક્તિઓ માટે એ એક એવું કેન્દ્ર બનવું જોઇએ જ્યાં તેઓ રહી અને અધ્યયન કરી શકે. પ્રાચીન સમયમાં, આશ્રમ, ઇટલે કે એક શાંત અને એકાંતનુ સ્થાન, એક એવું સ્થાન હતું કે જ્યાં લોકો પોતાની ઊર્જાને સંકલીત કરવાં, જીવનના આધ્યાત્મિક પાસાંને ઊંડાણથી સમજવાં અને શોધવાં, તેમાં લીન થવાં જાતાં. અત્યારે આ પ્રકારના અર્વાચીન સ્થળોમાં સામાન્યતયા કોઇ નેતા, ગુરુ, મહંત કે કોઇ વડીલ હોય છે જે સમજાવે, માર્ગદર્શન આપે અને અંકુશમાં પણ રાખે. બ્રૉકવુડમાં આવા કોઇ નેતા કે ગુરુ ન હોવા જોઇએ, કારણ કે અહીં મળતો બોધ જ એ સચાઈને વ્યક્ત કરે છે કે જેની દરેક ગંભીર રીતે વિચાર કરવાવાળા વ્યક્તિએ જાતે જ શોધ કરવી જોઈએ. એટલે વ્યક્તિપૂજાને અહીં કોઈ સ્થાન નથી. આપણે આ વાતને મહત્ત્વ આપવું જ જોઇએ.

દુર્ભાગ્યે, આપણા મન સંસ્કૃતિ, પરંપરા અને શિક્ષણને કારણે એટલા સંકુચિત થઇ ગયા છે કે આપણી શક્તિઓ કેદમાં પૂરાઇ ગઇ છે. આપણે આપણી સગવડો અને આદતોમાં એટલા ઘેરાયેલા રહીએ છીએ કે મનોવૈજ્ઞાનિક રીતે બિનઅસરકારક બની જઇએ છીએ. એનો સામનો કરવા માટે આપણે ભૌતિક અને સ્વકેન્દ્રી પ્રવૃત્તિઓમાં આપણી ઊર્જા વેડફી નાંખીએ છીએ. બ્રૉકવુડે આ વર્ષોથી ચાલી આવતી પરંપરામાં બિલકુલ ના પડવું. બ્રૉકવુડ પ્રશ્ન પૂછવાની કળા શીખવતું, સ્વયંની ખોજ કરવાનું શીખવતું શિક્ષણનું ધામ છે, કેન્દ્ર છે. આ એક એવું સ્થળ હોવું જોઈએ કે જે કરુણા અને પ્રેમ સહેત પ્રજ્ઞાને ઉજાગર કરવાની માંગ કરે.

આ એક વિશિષ્ટ સમુદાય બનીને ન રહી જવું જોઇએ. સામાન્ય રીતે આવા 'સમુદાય'નો સુચિત અર્થ થાય છે પોતાના આદર્શો અને તરંગોના ઉદ્દેશને માટેનું વિભક્ત, સાંપ્રદાયિક અને બંધિયાર એવું કાંઈક.

સમગ્ર વિશ્વમાં ચાલી રહેલ ગડમથલ, સંઘર્ષ અને વેરાઇ રહેલા વિનાશ વચ્ચે બ્રૉકવુડ સાકલ્યનુ, એકાત્મતાનું, પ્રામાણિકતાનું અને પ્રજ્ઞાના જાગરણનું કેન્દ્ર બનવું જોઇએ. તેનો આધાર કોઇ પણ રીતે કોઇ એક વ્યક્તિ અથવા થોડા લોકોના સમૂહ પર નથી પરંતુ જેઓ ત્યાં રહે છે તેમની જાગૃતિ, સાવધાની અને સ્નેહ પર રહેલો છે. બ્રૉકવુડમાં રહેતાં સહુ અને કૃષ્ણમૂર્તિ ફાઉંડેશનના ટ્રસ્ટીઓ પર આનો આધાર છે. આવું અનાવાવાની જવાબદારી તેઓની છે.

એટલે પ્રત્યેક વ્યક્તિએ યોગદાન આપવું રહ્યું. આ માત્ર બ્રૉકવુડને નહીં, અન્ય કૃષ્ણમૂર્તિ ફાઉંડેશનોને પણ લાગુ પડે છે. કોઇ વિશેષ પ્રવૃત્તિમાં વધુ ધ્યાન આપવામાં આવે તો કોઇ વ્યક્તિ આ બાબત ભૂલી પણ જાય, કારણ પછી તેની પાસે આ બોધની ઉંડી ચિંતા કરવાનો ન તો સમય હોય ન તો નિરાંત. અગર આ બોધના પ્રત્યેની ચિન્તા જ ન હોય તો ફાઉંડેશનનો કોઈ મહત્વ જ નથી. કોઈ વ્યક્તિ આ શિક્ષાની શેખ શું છે તે થાક્યા વગર સમજાવી શકે, તેની તુલના કરી શકે, મૂલ્યાંકન કરી શકે, પણ જો તે પ્રમાણે ખરેખર જીવી ન શકે તો આ બધું જ છીછરું અને ખરેખર નિરર્થક બની જાય.

ભવિષ્યમાં બ્રૉકવુડનું સ્વરૂપ કેવું રહેશે તે નિયત કરવાની જવાબદારી હંમેશા ટ્રસ્ટીઓની રહેશે. પણ તે એક એવું કેન્દ્ર બનવું જ જોઈએ કે જ્યાં સાકલ્ય, એકાત્મતા ખીલી શકે. બ્રૉકવુડ ઊંચા ભવ્ય પ્રાચીન વૃક્ષો, ખેતરો, ઘાસનાં મેદાનો અને ગ્રામ્ય જીવનની શાંતિનો અહેસાસ કરાવતી સુંદર જગ્યા છે. તે હંમેશા એટલી જ સુંદર રહેવી જોઇએ, કારણ કે સૌંદર્ય એ જ સાકલ્ય, એકાત્મતા, ભલમનસાઇ અને સત્ય છે.

કૃષ્ણમૂર્તિના કથનનું લેખિત રુપાંતર, ૨૦ ઓક્ટોબર ૧૯૮૩

# આ મધ્યસ્થીનું સર્જન કોણે કર્યું?

**પ્રશ્ન:** મને લાગે છે કે લોકો માટે તમને સાંભળવા એ જ પૂરતું નથી. તમે જે કહેવા માંગો છો તે સમજવા માટે તેઓએ તમારા ઉપદેશના પુસ્તકો તથા અભ્યાસ વર્તુળના કેન્દ્રો દ્વારા કાળજીપૂર્વકના અભ્યાસ અને સમજણ દ્વારા કેળવણી પામવી પડશે. તો જ લોકો તમને સારી રીતે સમજી શકશે. મેહરબાની કરીને મને કહો કે હું સાચો છું કે કેમ.

**કૃષ્ણમૂર્તિ:** આ પ્રશ્નનો ઇશારો મધ્યસ્થી, દુભાષિયા અને ધર્મોપાદેશક તરફ નથી? 'હું સમજું છું પણ બીજા લોકો સમજતા નથી.' 'હું થોડુંક સમજું છુ અને તેથી તે વહેંચવું જ જોઇએ.'- આ બન્ને બાબતો તદ્દન નિરાળી છે. તો ચાલો, આ આખા પ્રશ્નને સમજવાનો પ્રયત્ન કરીએ.

આ દુભાષિયા તથા મધ્યસ્થીનું સર્જન કોણે કર્યું? તમે. જો તમે કોઇ વસ્તુ સીધી રીતે સમજી જાવ, તો તમને કોઇ મધ્યસ્થી, દુભાષિયા કે ધર્મોપાદેશકની જરૂર નથી. પણ જો મને નથી સમજાતું તો હું કોઇ એવા વ્યક્તિને શોધું છું જે મને સમજાવી શકે, અને તે પોતાના અનુકૂલન અને પોતાની અભિરુચિ મુજબ સમજાવશે. તેથી જ દુભાષિયા મધ્યસ્થી, ધર્મગુરુ કે સહાયક શિક્ષક સરજ્યા. હું આળસું છું. હું મારી જાત પ્રત્યે સભાન નથી, જે ખરેખર તો કેટલું સરળ છે; આના માટે તમારે પુસ્તકો વાચવાની પણ જરૂર નથી, આ સાવ સ્પષ્ટ છે. તમે જે કાંઇ કરો છો તે તમામ વસ્તુઓ માટે જાગૃતિ કેળવવી, પોતાનુ નિરીક્ષણ કરવું, કોઇ ખાસ નમુનાપ્રમાણે નહીં. તે નિરીક્ષણ નહી કેહવાય. પણ સહજતાથી તમારી જાતનું નિરીક્ષણ કરવું. જમતી વખતે, ટેબલ પર, તમારી ઓફિસમાં; ફક્ત જોવું કે તમે કઇ રીતે કોઇનો તિરસ્કાર કરો છો, કઇ રીતે સરખામણી કરો છો, તમે કેટલા ક્રુર છો, આ બધું જ નિહાળવું. કોઇ પસંદગી વગર જોવું. આમાં તમને દુભાષિયા કે મધ્યસ્થીની જરૂર નથી પડતી. તમારા મનમાં શું ચાલી રહ્યું છે, તમારું મન કઇ રીતે કાર્ય કરી રહ્યું છે, કોઇ બીજા માટે નહીં પણ તમારી પોતાની માટે જાણવું કે તમારું મન કઈ રીતે કાર્ય કરી રહ્યું છે, આ ફક્ત જાણવું, એ કાંઈ મૂશ્કેલ નથી. પણ જો તમે તમારી જાતને ઓળખતા ન હો, તમે ગભરાયેલા અને ભયભીત હો અને એટલા માટે તમે કોઇની સહાય ઝંખતા હો તો તમારે દુભાષિયા કે મધ્યસ્થીની જરૂર પડશે.

મહાશયો, અનુસરણ ખરાબ છે, બધા જ અનુસરણ ખરાબ છે. અનુસરણ સારું કે ખરાબ હોતું જ નથી, ચાહે તમે રાજકીય રીતે અનુસરણ કરો, કે, ધાર્મિક રીતે, કે તમે તમારા પોતાના અનુભવો કે આદર્શોનું અનુસરણ કરો, દરેક અનુસરણ ખરાબ છે, કારણ તે 'સત્તાનું' નિર્માણ કરે છે; અનુયાયીઓનું સર્જન કરે છે. 'હું કશું જાણતો નથી, પણ તમે જાણો છો, તેથી મને કહો, મને સ્વર્ગમાં સલામત સ્થાન આપો'- આ માનસિકતા જે દુભાષિયા મધ્યસ્થી કે ધર્મગુરુઓનું નિર્માણ કરે છે, કે જેઓ કાર્ય કરીને આપણને બચાવેશે.

(પાના નં. ૮ પર...

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇંડિયા, વસંત વિહાર,** ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઈ ૬૦૦ ૦૨૮.
Email : vvstudy@kfionline.org • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુ:** ધી સ્ટડી વેલી સ્કૂલ કૅમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨.
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩ • Email : kifistudy@gmail.com • Website : www.kfistudy.org
૦૭-૧૦ નવેમ્બર ૨૦૧૯ Exploring Happiness & 'the enticing world of Pleasure'?
૦૪-૦૮ ડિસેમ્બર ૨૦૧૯ What are you DOING with your LIFE?

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩ • Email : studycentre@rajghatbesantschool.org • Website : www.rajghatbesantschool.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઈ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org

**કે.એફ.આઈ. વાર્ષિક સંમેલન ૨૦૧૯ : ૧૫-૧૮ નવેમ્બર (અધિક જાણકારી પાના નં. ૨ પર)**

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
ટે.નં. ૯૪૧૨૪ ૩૬૪૨૯/ ૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com
website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર:** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org

...પાના નં. ૭ થી આગળ) રાજકીય નેતાઓ, સામ્યવાદી નેતાઓ કે કેથલિક પાદરીઓ, બધા જ સરખા છે, કારણ કે અનુયાયીઓ કહે છે, 'અમે જાણતા નથી.' મહેરબાની કરીને સાંભળો, ભલે તમે ઘણી વાર સાંભળ્યું હોય, તમે પહેલીવાર સાંભળતા હોય તેમ જ સાંભળો. જો તમે પહેલીવાર સાંભળતા હોય એવી રીતે જ સાંભળશો તો જ એ અર્થપૂર્ણ બનશે, તેમાં ઊંડાણ આવશે. પણ તમે જો એમ કહેશો કે મેં આ સેંકડો અને હજારો વાર સાંભળ્યું છે કારણ છેલ્લા ૨૫ વર્ષથી હું તમારી સાથે જ મોટો થયો છું અને તમે શું કહેવાના છો એ હું જાણું છું, તો, જે વસ્તુ કહેવામાં આવી રહી છે તેની તમને કોઇ પ્રત્યક્ષ અનુભૂતિ નહીં થાય, એટલે તમે માત્ર કહેવા ખાતર સાંભળો તેનો કોઇ અર્થ નથી.

જ્યાં સુધી મન ખાતરી માંગે છે, ત્યાં સુધી તમારે મધ્યસ્થીની જરૂર પડે જ છે અને જે મન ખાતરી માંગે, તે ક્યારેય સ્વતંત્ર ન હોઈ શકે, તે હંમેશા ભયભીત જ હોય. કોઇ એક વાતની નિશ્ચિતતાની જરૂર–પછી તે કોઇ આદર્શ હોય, કોઇ સંબંધ હોય, કોઇ સત્ય સાબિત કરવું હોય – એ સૂચિત કરે છે કે ત્યારે તમને મધ્યસ્થીની જરૂર પડે કે જે તમને મદદ કરી શકે. પણ જો તમે જે સાંભળ્યું તે, બીજા કોઇની દ્રષ્ટિએ નહીં, પણ તમારી દ્રષ્ટિએ ખરેખર સત્ય હોય, તો તમે સાચી રીતે વાત કરી શકશો, તમે સાચી રીતે નૃત્ય કરી શકશો. તમે જીવી શકશો, તમે ચાહી શકશો, તમે સર્જન કરી શકશો, તો પછી તમારે કોઇ સત્તાની જરૂર નહીં રહે, પછી તમારે કોઇને અનુસરવું નહીં પડે, તમે કોઇ એક સમાજના નહીં બની રહો.

આપણાંમાંથી મોટા ભાગનાંની તકલીફ એ છે કે આપણે એટલા બધા અનિશ્ચિત અને આપણામાં જ ગૂંચવાયેલા છીએ કે આપણને મદદની ઇચ્છા થાય છે. પણ આ સહાય એવી હોય છે કે જેવી એક અંધ માનવી બીજા અંધને આપી શકે. પણ જ્યારે હું જાણું છું કે હું અનિશ્ચિત છું, મૂંઝાયેલો છું અને એ જ અવસ્થામાં થોડા સમય માટે રહું છું, ત્યારે સહાય આવે છે. એ જાણવું કે હું નિર્ણય નથી કરી શકતો, એ જાણવું કે હું મૂંઝાયેલો છું, એ જાણવું કે હું કશું જ જાણતો નથી, ઇ અવસ્થા જ નમ્રતાની અવસ્થા છે. નમ્રતાની આ ઊંડી સમજ પોતાનુ કાર્ય કરે છે. એક માણસ જે કશું જ નથી–એ બુદ્ધીપૂર્વક કહેતો નથી કે તે કાંઈ નથી, પણ હૃદયપૂર્વક સમજે છે, તે જાગૃત છે કે આ અનિશ્ચિત અવસ્થામાં તે કાંઇ જ નહીં થઇ શકે, તેને મધ્યસ્થીની જરૂર નથી.

મહેરબાની કરીને આ અર્થઘટન કરવાવાળાથી ચેતો, તેમનાથી બચો. આ દુભાષિયાઓ તમને ફક્ત નિશ્ચિતતા આપી શકશે, પણ સ્વતંત્રતા નહીં આપી શકે. જીવનની સંપૂર્ણ પ્રક્રિયા વિશે તમે પૂર્ણ જાગૃતિ અનુભવો. ત્યારે તેમાંથી જ સ્વતંત્રતા આવે છે.

મદ્રાસ, જાહેર પ્રવચન, ૩ માર્ચ ૧૯૫૪

*The Collected Works of J. Krishnamurti, Vol. VIII, pp 207-209*

કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે નીચેની વેબસાઇટ્સ જુઓ:

www.jkrishnamurti.org
www.kfionline.org
www.rishivalley.org
www.rajghatbesantschool.org
www.kfistudy.org
www.kscskfi.com
www.jkrishnamurtionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org
www.kfimumbai.org

**Statement about ownership and other particulars of Antarlahari Newsletter**

**Form IV**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 2. Peridicity of Publication | : | Once in four months, (January, May, September) |
| 3. Printer's Name | : | P. V. Dabholkar |
| Whether citizen of India | : | Yes |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 4. Publisher's Name | : | P. V. Dabholkar |
| Whether citizen of India | | Yes |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 5. Editor's Name | : | Vasanti Padte |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 6. Name and address of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |

I, P. V. Dabholkar, hereby declare that the particulars given are true to the best of my knowedge and belief.

Sd
(P. V. Dabholkar)

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિદ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણનો અભ્યાસ કરવા ઇચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમ જ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઇમેઇલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઇમેઇલ જો હોય તો તે અમને જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : kfimumbai.org, kfionline.org, jkrishnamurti.org

Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.
Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte
Designed by Eurythmic Designs. E-mail : info@Eurythmicdesigns.com